સવાલ સાથે જવાબ પેપર

# વાર્ષિક પરીક્ષા મહિલામંડળ નું પેપર

તા. ૦૭-૦૧-૨૦૧૮ • સમય: સવારે ૯ થી ૧૨ • શ્રેણી: **૧૪** • ગુણ: ૧૦૦

**Dharmik Shikshan Board Certificate Course Level : 1**

**પ્ર.:૧ સામાયિક પ્રતિક્રમણના આધારે જવાબ લખો : ૧૦**

૧) પચ્ચક્ખાણમાં કયા કયા આગાર રાખવામાં આવે છે તે અર્થ સાથે લખો. **(૪)**

**જ:** ૧) પચ્ચક્ખાણમાં નીચેના આગાર રાખવામાં આવે છે.
૧ અણત્થાણા ભોગેણં : ઇચ્છા કે ઉપયોગ વિના કોઈ વસ્તુ મોઢામાં આવી જાય કે ખવાઈ જાય. ૨) સહસ્સાગારેણં : ધ્યાન ન રહે અને અચાનક કોઈ વસ્તુ મોંમાં આવી જાય કે મુકાઈ જાય. ૩) મહત્તરાગારેણં : વડીલ કે ગુરૂની આજ્ઞાથી સમય પહેલાં આહાર કરવો પડે ૪) સવ્વ સમાહિ વત્તિયા ગારેણં : શરીરની સમાધિ રહે ત્યાં સુધી. જો શરીરની અસમાધિ થાય કે કોઈ રોગ આવે તો આગાર.

૨) નિર્ગ્રંથ પ્રવચન કોને કહે છે ? નિર્ગ્રંથ પ્રવચન કેવું છે તે બતાવતા કોઈ પણ ૩ શબ્દ લખો. **(૨)**

**જ:** ૨) જેમણે રાગ અને દ્વેષની ગ્રંથી તોડી નાંખી છે તેવા તીર્થંકર ભગવાનની વાણીને, જિનવાણીને, તેમના આગમસૂત્રોને નિર્ગ્રંથ પ્રવચન કહે છે. આ શબ્દોમાંથી કોઈ પણ ત્રણાઃ સચ્ચં, અણુત્તરં, પડિપુન્નં, નેઆઉયં, સંસુ દ્ધં, સલ્લકત્તણાં, સિધ્ધિ મગ્ગં, મુત્તિમગ્ગં, નિજ્જણા મગ્ગં.

૩) છઠ્ઠા અને દસમાં વ્રતમાં શું ફરક છે ? **(૨)**

**જ:** ૩) છઠ્ઠા વ્રતમાં દિશાની મર્યાદાના જાવજ્જીવના પચ્ચક્ખાણ કરવામાં આવે છે. જ્યારે દશમા વ્રતમાં દિશા અને ભોગ ઉપભોગની મર્યાદા એક દિવસ અને એક રાત માટે કરવામાં આવે છે.

૪) પ્રતિલેખન અને પ્રમાર્જન કોનું કોનું કરવાનું છે તે જણાવો. **(૨)**

**જ:** ૪) સાધક પાસે રહેલાં મુહપતિ, પાથરણુ, ગુચ્છો, રજોહરણ, વસ્ત્રો આદિનું પ્રતિલેખન કરવાનું છે. પાત્રાં, પાટ, પાટલાં, બાજોઠ આદિ કડક વસ્તનું પ્રતિલેખન અને પ્રમાર્જન કરવાનું છે.

**પ્ર.:૨ પુચ્છિસુણંના આધારે જવાબ લખો : ૩૦**

**અ) નીચેની ગાથાઓ ભાવાર્થ સાથે લખો : (કોઈ પણ પાંચ) (૨૦)**

૧) ખેયન્નેસે ..........

**જ:** ૧) ખેયન્નેસે કુસલે મહેસી, અનંતનાણી ય અનંત દંસી ।
જસંસિણો ચક્ખુ પહે ઠિયસ્સ, જાણાહિ ધમ્મં ચ ધિઇં ચ પેહિ ।।
તે ભગવાન મહાવીર સ્વામી સંસારી જીવોના દુઃખોને જાણતા હતા. કર્મોના છેદનમાં કુશળ, મહાનઋષિ અનંતજ્ઞાની અને અનંતદર્શી હતા. તેઓ ઉત્કૃષ્ટ યશવાળા હતા. મોક્ષમાર્ગ પર તેઓનાં ચક્ષુ સ્થિર હતાં. તેમના શ્રુત ચારિત્ર રૂપ ધર્મને જાણો તથા દૃઢ ધૈર્યતાને જુઓ.

૨) અણુત્તરં ધમ્મમિણં ..........

**જ:** ૨) અણુતરં ધમ્મમિણં જિણાણં, ણેયા મુણિ કાસવ આસુપણ્ણે ।
ઇંદે વ દેવાણ મહાણુભાવે, સહસ્સણેયા દિવિ ણં વિસિટ્ઠે ।।
દેવલોકને વિશે જેમ ઇન્દ્ર દેવોમાં મહાપ્રભાવક, હજારો દેવોના નાયક અને સર્વોત્તમ છે તેમ સર્વ તીર્થંકરોએ પ્રરૂપેલો આ જે સર્વોત્તમ ધર્મ છે તેને પ્રકાશ કરનાર કાશ્યપગોત્રી, આસુપ્રજ્ઞ અને કેવળજ્ઞાની શ્રી મહાવીરદેવ સર્વથી ઉત્તમ હતા,

૩) મહિએ ..........

જ: ૩) મહિએ મજ્ઝંમિ ઠિએ ણગિંદે, પણ્ણાયતે સૂરિએ સુધ્ધલેસે ।
એવં સિરિએ ઉસ ભૂરિવણ્ણે, મણોરમે જોયઈ અચ્ચિમાલી ।।
પૃથ્વીના મધ્ય ભાગમાં સ્થિત સર્વ પર્વતોનો ઇન્દ્ર, મેરૂપર્વત-સૂર્યની જેમ શુધ્ધ કાંતિવાળો પ્રતીત થાય છે. એ જ રીતે પોતાની શોભાથી અનેક પ્રકારના રત્નોના વર્ણોએ કરી મનને આનંદ આપે છે. અને સૂર્યની જેમ સર્વ દિશાઓને પ્રકાશિત કરે છે.

૪) ગિરીવરે ..........

જ: ૪) ગિરીવરે વા નિસહાયયાણં, રુયએ વ સેટ્ઠે વલયાયતાણં ।
તઓવમે સે જગભૂઈપણ્ણે, મણીણ મજ્ઝે તમુદાહુ પણ્ણે ।।
જેમ લાંબા પર્વતોમાં નિષધ પર્વત, ગોળ પર્વતોમાં રુચક પર્વત શ્રેષ્ઠ છે. તેવી ઉપમાએ પ્રાજ્ઞ શ્રી મહાવીરદેવ મુનિઓ વચ્ચે જગતમાં સર્વથી શ્રેષ્ઠ હતા.

૫) હત્થીસુ ..........

જ: ૫) હત્થીસુ એરાવણમાહુ ણાએ, સીહો મિયાણં સલિલાણ ગંગા ।
પક્ખીસુ વા ગરુલે વેણુ દેવે, નિવ્વાણવાદીણિહ ણાયપુત્તે ।।
જેમ હાથીઓમાં ઐરાવત હાથી, પશુઓમાં સિંહ, નદીઓમાં ગંગા,
પક્ષીઓમાં ગરુડ શ્રેષ્ઠ છે. તેમ મોક્ષવાદીઓમાં જ્ઞાતપુત્ર મહાવીર શ્રેષ્ઠ હતા.

૬) કિરિયા ..........

જ: ૬) કિરિયા કિરિયં વેણઈયાણુવાયં, અણ્ણાણિયાણં પડિયચ્ચ ઠાણં ।
સે સવ્વવાયં ઈઈ વેયઇત્તા, ઉવટ્ઠિએ સંજમ દીહરાયં ।।
ક્રિયાવાદી, અક્રિયાવાદી, વિનયવાદી તથા અજ્ઞાનવાદી રૂપ પાખંડીના સ્થાનને જાણીને, સર્વ વાદને (દુર્ગતિમાં જવાનું કારણ) સમ્યક્રરૂપે જાણીને ભગવાન મહાવીર, યાવત જીવન સંયમધર્મમાં સ્થિત થયા.

**બ) માગધી શબ્દોના અર્થ લખો :** **(૫)**

**જવાબ**

| | | |
|---|---|---|
| આસુપણ્ણે | – | પ્રજ્ઞાવાન |
| અપડિણ્ણમાહુ | – | આકાંક્ષારહિત છે |
| અણ્ણાણિયાણં | – | અજ્ઞાનવાદી |
| અણુત્તરં | – | સર્વોત્તમ |
| અભયંકરે | – | અભયપ્રદાન |
| એગંતવદાત સુક્કં | – | એકાંત શુકલ |
| અણાવજ્જં | – | અણાવદ્ય |
| અચ્ચિમાલી | – | સૂર્ય |
| ઇસીણં | – | ઋષિઓમાં |
| અકસાઈ | – | કષાયરહિત |

ક) ૧) ભગવાનનું જ્ઞાન કેવું હતું ? **(૧)**

જ: ૧) ભગવાનનું જ્ઞાન કર્મમળ રહિત, નિર્મળ, કષાયરહિત તથા ઘાતીકર્મના બંધનથી મુક્ત હતું.

૨) લાંબા પર્વતોમાં કયો પર્વત અને ગોળ પર્વતોમાં કયો પર્વત શ્રેષ્ઠ છે ? **(૧)**

જ: ૨) લાંબા પર્વતોમાં નિષધ પર્વત અને ગોળ પર્વતોમાં રુચક પર્વત શ્રેષ્ઠ છે.

૩) કયું વૃક્ષ જગપ્રસિદ્ધ છે અને તે કયાં આવ્યું છે ? **(૧)**

**જ:** ૩) **શાલ્મલી વૃક્ષ જગપ્રસિદ્ધ છે જે દેવકુરુક્ષેત્રમાં આવ્યું છે**

૪) ભગવાન મહાવીર સ્વામીનું ધ્યાન કેવું હતું તે જણાવતી માત્ર ગાથા લખો. **(૨)**

**જ:** ૪) **અણુત્તરં ધમ્મમુઇરઇત્તા, અણુત્તરં ઝાણવરં ઝિયાઈ,**
**સુસુક્કસુક્કં અપ્પગંડસુક્કં સંખિદુ એગંતવદાત સુક્કં**

## પ્ર.: ૩ કાયસ્થિતિના થોકડાના આધારે જવાબ લખો : ૩૦

૧) નીચેના બોલની જધન્ય અને ઉત્કૃષ્ટ કાયસ્થિતિ લખો : **(૧૦)**

**જ: સાથે**

| | બોલનું નામ | જધન્ય કાયસ્થિતિ | ઉત્કૃષ્ટ કાયસ્થિતિ |
|---|---|---|---|
| ૧) | ચૌરેન્દ્રિય | અંત:ર્મુહૂર્ત | સંખ્યાતો કાળ |
| ૨) | ત્રસકાય | અંત:ર્મુહૂર્ત | ૨૦૦૦ સાગર અને સંખ્યાતવર્ષ અધિક |
| ૩) | સમુચ્ચય બાદર | અંત:ર્મુહૂર્ત | અસંખ્યાતો કાળ (બાદરકાળ) |
| ૪) | સમુચ્ચય સૂક્ષ્મ | અંત:ર્મુહૂર્ત | અસંખ્યાતો કાળ (પુઢવી કાળ) |
| ૫) | સૂક્ષ્મ નિગોદ પર્યાપ્તા | અંત:ર્મુહૂર્ત | અંત:ર્મુહૂર્ત |
| ૬) | પુરુષ વેદ | અંત:ર્મુહૂર્ત | પ્રત્યેક સો સાગર સાધિક |
| ૭) | પદ્મ લેશ્યા | અંત:ર્મુહૂર્ત | ૧૦ સાગરોપમ ને અંત:મુહૂર્ત અધિક |
| ૮) | સાસ્વાદન સમકિત | ૧ સમય | છ આવલિકા |
| ૯) | સામાયિક ચારિત્ર | ૧ સમય | દેશે ઉણુ પૂર્વ ક્રોડ વર્ષ |
| ૧૦) | અનાકાર ઉપયોગ | અંત:ર્મુહૂર્ત | અંત:ર્મુહૂર્ત |

૨) ૧) પુઢવીકાળની વ્યાખ્યા લખો : **(૨)**

**જ:** ૧) પુઢવી કાળ : ક્ષેત્રથી અસંખ્યાતા લોકના જેટલા આકાશ પ્રદેશ છે તેને દરેક સમયે એક એક ખાલી કરતાં જેટલો કાળ લાગે, તેટલા સમયમાં જેટલી અસંખ્યાતી ઉત્સર્પિણી અને અવસર્પિણી પસાર થાય તેટલો કાળ. ભાવથી આંગુલના અસંખ્યાતમાં ભાગમાં જેટલા આકાશપ્રદેશ છે તેટલી સંખ્યાના અસંખ્યાતા લોક ખાલી કરવામાં જેટલો કાળ પસાર થાય તેટલો કાળ.

૨) જેની જધન્ય ભવસ્થિતિ ૩ સાગર છે તે નારકીની કાયસ્થિતિ કેટલી ? શા માટે ? **(૨)**

**જ:** ૨) જેની જધન્ય ભવસ્થિતિ ૩ સાગર છે તે નારકીની કાયસ્થિતિ પણ ૩ સાગર છે કારણ કે નારકી મરીને બીજા ભવમાં તરતજ નારકી થતાં નથી. નારકીની ભવસ્થિતિ અને કાયસ્થિતિ સરખાં જ હોય છે.

૩) અકાયની કાયસ્થિતિ કેટલી ? કારણ આપો. **(૨)**

**જ:** ૩) અકાયને જધન્ય કાયસ્થિતિ નથી અને ઉત્કૃષ્ટ કાયસ્થિતિ આદિ અનંત છે. અકાય એટલે સિધ્ધ ભગવાન, એકવાર સિધ્ધ બનેલો જીવ ફરીથી સંસારમાં આવતો નથી તેથી જધન્ય કાયસ્થિતિ નથી. સિધ્ધ પર્યાયની આદિ છે પણ અંત નથી તેથી આદિ અનંત.

૪) જોડકાં જોડો : **(૩)**

| | | | **જવાબ** |
|---|---|---|---|
| કાયપરિત્ત | – | ૧૦૦૦ સાગર અધિક | અસંખ્યાતો કાળ (પુઢવીકાળ) |
| સંજ્ઞી | – | અસંખ્યાતો કાળ (પુઢવીકાળ) | પ્રત્યેક ૧૦૦ સાગર અધિક |
| ચરમ | – | સાદિ અનંત | અનાદિ સાંત |
| કેવળ દર્શન | – | અનાદિ સાંત | સાદિ અનંત |
| ચક્ષુ દર્શન | – | પ્રત્યેક ૧૦૦ સાગર અધિક | ૧૦૦૦ સાગર અધિક |
| ત્રસકાય | – | ૨૦૦૦ સાગર અધિક | ૨૦૦૦ સાગાર અધિક |

૫) સ્ત્રીવેદની જઘન્ય, ઉત્કૃષ્ટ કાયસ્થિતિ લખો. **(૧)**

**જ:** ૫) સ્ત્રીવેદની જઘન્ય કાયસ્થિતિ-૧ સમય. ઉત્કૃષ્ટ કાયસસ્થિતિ-૧૧૦ પલ્યને પૂવક્રોડ વર્ષ અધિક

**૩) નીચેના બોલની સમજણ સહિત કાયસ્થિતિ લખો : (કોઈ પણ પાંચ) (૧૦)**

૧) અચક્ષુદર્શન

**જ:** ૧) જઘન્ય કાયસ્થિતિ - —— ઉત્કૃષ્ટ કાયસ્થિતિ - **અનાદિ અનંત, અનાદિ સાંત**

અચક્ષુદર્શન કેવળદર્શન પ્રાપ્ત થાય તો જ દૂર થાય છે. નહિ તો સર્વ જીવોને હંમેશા હોય છે. તેથી જઘન્ય કાયસ્થિતિ નથી. અભવીનું અચક્ષુદર્શન અનાદિ અનંત અને ભવીનું અનાદિ સાંત.

૨) નપુંસકવેદ

**જ:** ૨) જઘન્ય કાયસ્થિતિ -૧ સમય ઉત્કૃષ્ટ કાયસ્થિતિ -**અનંતકાળ (વનસ્પતિકાળ)**

કોઈ નપુંસક વેદનો ઉપશમ કરીને શ્રેણીથી પાછાં પડતાં નપુંસકવેદનો ૧ સમય માટે અનુભવ કરી કાળ કરે અને દેવલોકમાં ઉત્પન્ન થાય ત્યાં તે પુરુષવેદી થશે તેથી જઘન્ય ૧ સમયની સ્થિતિ થઈ. નપુંસકવેદમાં જીવ એકેન્દ્રિય થી ચૌરેન્દ્રિય તથા અસંજ્ઞી પંચેન્દ્રિય, ગર્ભજ તિર્યંચ, ગર્ભજ મનુષ્ય, સંમુર્ચ્છિમ મનુષ્યમાં દરેકમાં નપુંસક તરીકે જ રહે તો વનસ્પતિની અપેક્ષાએ ઉત્કૃષ્ટ કાયસ્થિતિ અનંતોકાળ થઈ શકે છે.

૩) અલેશી

**જ:** ૩) જઘન્ય કાયસ્થિતિ -—— ઉત્કૃષ્ટ કાયસ્થિતિ -**આદિઅનંત**

જીવ ૧૪ ગુણસ્થાનકે અને સિધ્ધ પર્યાયમાં જ અલેશી હોય છે. એક વાર અલેશી બનેલો જીવ ફરી સલેશી બનતો નથી તેથી જઘન્ય કાયસ્થિતિ નથી. અલેશી અવસ્થાનો ક્યારેય અંત આવશે નહિ માટે ઉત્કૃષ્ટ કાયસ્થિતિ આદિ અનંત.

૪) સાકાર ઉપયોગ

**જ:** ૪) જઘન્ય કાયસ્થિતિ -**અંતર્મુહૂર્ત** ઉત્કૃષ્ટ કાયસ્થિતિ -**અંતર્મુહૂર્ત**

છદ્મસ્થ જીવનો ઉપયોગ અંતર્મુહૂર્તમાં જ નિયમથી જ બદલાઈ જાય છે માટે સાકાર ઉપયોગની જઘન્ય અને ઉત્કૃષ્ટ કાયસ્થિતિ અંતર્મુહૂર્ત છે.

૫) કાયયોગ

**જ:** ૫) જઘન્ય કાયસ્થિતિ -**અંતર્મુહૂર્ત** ઉત્કૃષ્ટ કાયસ્થિતિ -**અનંતકાળ (વનસ્પતિકાળ)**

સંસારી જીવમાં કોઈપણ યોગ અંતર્મુહૂર્તથી વધારે ટકતો નથી. તેથી કાયયોગ જઘન્ય અંતર્મુહૂર્ત સુધી હોય. જીવ કાળ કરે તો વાટે વહેતા કાર્મણકાયયોગી બની જાય છે. એકેન્દ્રિયપણામાં વનસ્પતિની અપેક્ષાએ ઉત્કૃષ્ટ સ્થિતિ અનંતકાળ કહી છે.

૬) ભવસ્થ સયોગી કેવળ અણાહારક

**જ:** ૬) જઘન્ય કાયસ્થિતિ -—— ઉત્કૃષ્ટ કાયસ્થિતિ -**અજઘન્ય અનુત્કૃષ્ટ ૩ સમય**

કેવળ સમુદ્‌ઘાત કરે તો ત્યારે સમુદ્‌ઘાતના ત્રીજા, ચોથા અને પાંચમાં એમ ૩ સમય કેવળી કાર્મણ કાયયોગી હોય છે તેથી અણાહારક હોય છે. તેથી સ્થિતિ ૩ સમય કહી છે.

**પ્ર.: ૪ તપના થોકડાના આધારે જવાબ લખો : ૧૫**

૧) તપનો થોકડો કયા કયા સૂત્રના આધારે છે ? (૧)

**જ: ૧) તપનો થોડકો શ્રી ઉવવાઇ સૂત્ર તથા આચારાંગ સૂત્રના આધારે છે.**

૨) ઉણોદરીથી થતા ફાયદા લખો. (૧)

**જ: ૨) ઉણોદરીથી રસેન્દ્રિય જીતાય, કામ જીતાય, નિરોગી થવાય.**

૩) ધ્યાન કેટલા પ્રકારના છે ? કયા કયા ? (૨)

**જ: ૩) ધ્યાનના ૪ પ્રકારના છે ૧) આર્તધ્યાન ૨) રૌદ્રધ્યાન ૩) ધર્મધ્યાન ૪) શુક્લધ્યાન**

૪) કષાય પ્રતિસંલીનતાના ભેદ કેટલા ? કયા કષાયને કેવી રીતે જીતવો ? **(૩)**

**જ: ૪) કષાય પ્રતિસંલીનતાના ૪ ભેદ : તે ૧) ક્રોધ ૨) માન ૩) માયા ૪) લોભના ઉદયને નિષ્ફળ બનાવવો. ક્રોધને ક્ષમાથી, માન ને વિનીતતાથી, માયા ને સરળતાથી અને લોભને સંતોષથી જીતવો.**

૫) નીચેના આંકડા કયા તપના ભેદ છે તે જણાવો. **(૪)**

૧૦૦, ૪૫, ૧૪, ૧૩૪, ૧૦, ૨૦, ૪, ૩૫૪

**જ: ૫)**

| | | |
|---|---|---|
| ૧૦૦ | – | બાહ્ય તપના ભેદ |
| ૪૫ | – | અનાશાતના વિનયના ભેદ |
| ૧૪ | – | કાય વિનયના ભેદ, ઇત્વરિક અનશત તપ |
| ૧૩૪ | – | વિનય તપના ભેદ |
| ૧૦ | – | વૈયાવચ્ચ તપના ભેદ અથવા શુશ્રૂષા વિનયના, પ્રાયશ્ચિત તપ |
| ૨૦ | – | અનશન તપ |
| ૪ | – | ધર્મકથાના ભેદ |
| ૩૫૪ | – | ૧૨ પ્રકારના તપના કુલ ભેદ |

૬) ભાવ કાયોત્સર્ગ એટલે શું ? તેના પ્રકાર સમજણ સહિત લખો. **(૪)**

**જ: ૬) ભાવ કાયોત્સર્ગ એટલે આત્મભાવોથી ભિન્ન ભાવોનો ત્યાગ કરવો તેના ૩ ભેદ છે.**

૧) કષાય કાયોત્સર્ગ–તે ૪ કષાયનો ત્યાગ કરવો.

૨) સંસાર કાયોત્સર્ગ–તે ચાર ગતિમાં જવાના કારણો બંધ કરવા.

૩) કર્મ કાયોત્સર્ગ–તે આઠ કર્મબંધના કારણો જાણી તેનો ત્યાગ કરવો.

**પ્ર.: ૫ નીચેની ગાથા ભાવાર્થ સાથે લખો : (કોઈ પણ ત્રણ) ૧૫**

૧) ૧) ચિત્રં કિમત્ર ..........

**જ: ૧)** ચિત્રં કિમત્ર યદિ તે ત્રિદશાંગનાભિ,
નીર્તં મનાગપિ મનો ન વિકાર માર્ગમ્ !
કલ્પાન્ત કાલ મરુતા ચલિતાચલેન,
કિં મન્દરાદ્રિશિખરં ચલિત કદાચિત્ ?

હે નિર્વિકારી પ્રભુ ! દેવાંગનાઓ તમારા મનને જરાપણ વિકારમય બનાવી ના શકી તો તેમાં આશ્ચર્ય શું છે ? કારણ કે બીજાં બધા પર્વતોને ચલાયમાન કરનાર પ્રલયકાળનો પ્રચંડ પવન પણ શું કદાપિ મેરૂ પર્વતના શિખરેને કંપાવી શકે ખરો ?

૨) નિત્યોદયં ..........

જ: ૨) **નિત્યોદયં દલિતમોહ મહાંધ કારં,**
ગમ્યં ન રાહુ વદનસ્ય ન વારિદાનામ્,
વિભ્રાજતે તવ મુખાબ્જ મનલ્પકાન્તિ,
વિદ્યોતયજ્ જગદ્પૂર્વ શશાણક બિમ્બમ્ ।।
જે નિત્ય ઉદયમાન છે. જેણે મોહરૂપી મહાઅંધકારને દૂર કર્યો છે. જેને રાહુ કદાપિ ગ્રસી શકતો નથી. કે કાળાં ઘોર વાદળાં જેને આવરી શકતા નથી, એવું અતિશય કાંતિવાળુ અને જગતને વિશેષપણે પ્રકાશ આપનારૂં, અનેરા ચંદ્રબિંબ સરખું આપનું મુખકમળ શોભી રહ્યું છે.

૩) જ્ઞાનં યથા ..........

જ: ૩) **જ્ઞાનં યથા ત્વયિ વિભાતિ કૃતાવકાશં,**
નૈવં તથા હરિહરાદિષુ નાયકેષુ ।
તેજઃ સ્ફુરન્મણિષુયાતિ યથા મહત્ત્વમ્,
નૈવં તુ કાચ શકલે કિરણા કુલેડપિ ।।
આપને વિશે અવકાશ કરીને રહેલું જ્ઞાન જેવું શોભી રહ્યું છે, તેવું હરિહરાદિ મુખ્ય દેવોમાં શોભતું નથી. કારણ કે પ્રકાશમાન મણિઓમાં તેજ જેવી પ્રબળતાને પામે છે તેવી તેજમાં પ્રબળતા સૂર્યકિરણોને વેરતા કાચના કટકા નથી પામતા.

૪) ત્વામવ્યયં ..........

જ: ૪) **ત્વામવ્યયં - વિભૂમચિન્ત્ય-મસંખ્યમાદ્યં,**
બ્રહ્માણ - મીશ્વર - મનન્તમનંગ કેતુમ ।
યોગીશ્વરં વિદિત યોગમને કમેકં,
જ્ઞાનસ્વરૂપ મમલં પ્રવદન્તિ સન્તઃ ।।
સંતપુરુષો આપને જૂદાં જૂદાં નામે સંબોધે છે. જેમ કે અવિનાશી, ઐશ્વર્યશાળી, અચિંત્ય, અસંખ્ય ગુણોના ધારક, ધર્મની આદિ કરનારા બ્રહ્મ, ઇશ્વર, અનંત, અનંગકેંતુ, યોગીશ્વર, વિદિતયોગ, એક, અનેક, કેવળજ્ઞાની, અમલ.

૨) ભગવાન પવનથી પણ ના બુઝાનારા અનેરા દીપક છે તે ભાવ દર્શાવતી ગાથા લખો. **(3)**

જ: ૨) ભગવાન પવનથી પણ ના બુઝાનારા અનેરા દીપક છે તે ભાવ દર્શાવતી ગાથા
નિર્ધૂમવર્તિ રપવર્જિત તૈલપૂરઃ,
કૃત્સ્નં જગત્ત્રય મિદં પ્રકટી કરોષિ ।
ગમ્યો ન જાતુ મરૂતાં ચલિતાચલાનામ્
દીપોપરસ્ત્વમસિ નાથ ! જગત્પ્રકાશઃ ।।

**અથવા**

**પ્ર.: ૫ ધર્મકથાના આધારે જવાબ લખો : (કોઈ પણ પાંચ) ૧૫**

૧) કેશીગૌતમ સંવાદ - એ કયા સૂત્રનો અધિકાર છે ? કેટલામું અધ્યયન છે ? **(3)**
કેશી એન ગૌતમ સ્વામી કોના શિષ્ય હતા અને તેઓ કયાં મળ્યા ?

જ: ૧) કેશીગૌતમ સંવાદ - ઉત્તરાધ્યયન સૂત્રનો અધિકાર છે. ૨૩મું અધ્યયન છે. કેશીસ્વામી પાર્શ્વનાથ ભગવાનના શિષ્ય હતા. ગૌતમ સ્વામી ભગવાન મહાવીરના શિષ્ય હતા. તેઓ શ્રાવસ્તી નગરીના તિંદુક નામના ઉદ્યાનમાં મળ્યા.

૨) શા માટે ભગવાન પાર્શ્વનાથે ચાતુર્યામ અને ભગવાન મહાવીરે પાંચ મહાવ્રતરૂપી ધર્મનું પ્રતિપાદન કર્યું હતું ? **(3)**

**જ: ૨) ભરત અને ઇરવત ક્ષેત્રમાં પ્રથમ તીર્થંકરના સાધુ ઋજુ અને જડ (મંદ બુધ્ધિવાળા) હોય છે. અંતિમ તીર્થંકરના સાધુ વક્ર અને જડ હોય છે. જ્યારે મધ્યના ૨૨ તીર્થંકરના સાધુઓ ઋજુ અને બુધ્ધિમાન હોય છે. પ્રથમ તીર્થંકરના સાધુઓને સાધુ આચારનું પાલન કરવું કઠિન હોય છે, અને અંતિમ તીર્થંકરના સાધુઓને સાધુ આચાર સમજવો કઠિન હોય છે. પરંતુ મધ્યના ૨૨ તીર્થંકરના સાધુઓને સાધુ આચાર સમજવો અને તેનું પાલન કરવું બંન્ને સરળ હોય છે. તેથી ભગવાન પાર્શ્વનાથે ચાતુર્યામ અને ભગવાન મહાવીરે પાંચ મહાવ્રતરૂપી ધર્મ બતાવ્યો છે.**

૩) ગૌતમ સ્વામી કેવી રીતે સન્માર્ગમાં જ રહી શકે છે ? **(3)**

**જ: ૩) ગૌતમ સ્વામીએ ઉન્માર્ગ અને સન્માર્ગ બંન્ને જાણી લીધા હતા, તેમણે જાણી લીધું કે જિનેન્દ્ર ભગવાન દ્વારા પ્રરૂપિત માર્ગજ સન્માર્ગ છે. તે માર્ગ કેવળીઓનો છે. અનેકાંતથી પરિપૂર્ણ છે. અને તે માર્ગે જનારા પૂર્ણતાને પ્રાપ્ત કરે છે. ગૌતમ સ્વામી કુમાર્ગ અને ઉન્માર્ગના હિતાહિતને સમજીને સન્માર્ગે ચાલતા હતા તેથી સન્માર્ગમાં જ રહી શકતા હતા.**

૪) શારીરિક અને માનસિક પીડાથી પીડાતા જીવો માટે કલ્યાણકારી, ક્ષેમકારી સ્થાન ગૌતમ સ્વામી કોને માને છે ? ત્યાં કોણ જઈ શકે છે ? કયા સ્થાને પહોંચવું જીવો માટે અઘરું છે ? તે સ્થાન કેવું છે ? **(3)**

**જ: ૪) શારીરિક અને માનસિક પીડાથી પીડાતા જીવો માટે કલ્યાણકારી, ક્ષેમકારી સ્થાન ગૌતમ સ્વામી સિધ્ધક્ષેત્રને, લોકાગ્રને માને છે. આ એક એવું ધ્રુવસ્થાન છે જ્યાં વૃધ્ધાવસ્થા, મૃત્યુ, વ્યાધિ, વેદનાઓ હોતી નથી. ભવ પરંપરાનો અંત કરનારા મહામુનિજ તેને પ્રાપ્ત કરી શકે છે. લોકના અગ્રભાગે પહોંચવું કઠીન છે. તે સ્થાન નિર્વાણ સ્વરૂપ વિઘ્ન રહિત છે.**

૫) ખાલી જગ્યા પૂરો : **(3)**

૧) .......... ની ગતિ વાયુની ગતિથી પણ અધિક હોય છે.
૨) .......... જ એવો દ્વીપ છે જેનો આશ્રય લઈ પ્રાણીઓ સંસાર પાર ઉતરે છે.
૩) .......... છિદ્રવાળી નૌકા સમાન છે.
૪) આત્માને જીતીને .......... શત્રુઓને જીતી શકાય છે.
૫) સાંસારિક પદાર્થોની .......... અને .......... ની લત્તા ભયંકર છે.

**જ: ૫)** ૧) મનની ગતિ વાયુની ગતિથી પણ અધિક હોય છે.
૨) ધર્મ જ એવો દ્વીપ છે જેનો આશ્રય લઈ પ્રાણીઓ સંસાર પાર ઉતરે છે.
૩) દોષયુક્ત સંયમ છિદ્રવાળી નૌકા સમાન છે.
૪) આત્માને જીતીને ૧૦ શત્રુઓને જીતી શકાય છે.
૫) સાંસારિક પદાર્થોની ઇચ્છા અને લાલસા ની લત્તા ભયંકર છે.

|| જય જિનેન્દ્ર ||